સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૪ / શુમારો : ૪ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ફુલ પાના - ૧૨

# الهادي
## THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રબીઉલ આખર ૧૪૩૦ હી., ૨૭-૩-૨૦૦૯

## " યે યૌમે વિલાદત હો મુબારક તુઝે આકા, સબ અહલે વલા જિસ સે સદા શાદ રહેંગે. "

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "**ઇન્ના લિલ્લાહિલ બદઆ વલ મશીયતા ફી કુલ્લે શયઇન ઇલ્લા ફિલ ઇમામતે,**" યાઅની અલ્લાહ વાસ્તે હર ચીઝમાં તબદીલ કરવાની મશીયત છે મગર ઈમામતમાં નહીં. આ કલામનો મફહૂમ એ થાય છે કે, કયામત તક ઈમામત મૌ.અલી (અ.સ.) ના ફરઝંદોમાં અને ફરઝંદોના ફરઝંદોમાં જારી રહેશે. મગર ઈમામ હસન-હુસૈન (અ.સ.) ના પછી કોઈ પણ બે ભાઈઓમાં ઈમામત નહીં થાય. ૫૨૦ હિ. માં ૨૦ માં ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.), મૌ.ઈમામ આમિર (અ.સ.) મસ્નદે ઈમામત પર જલ્વાઅફરોઝ હતા. આપના મખ્સૂસ અસ્હાબ ઈબ્ને મદયન, રસ્લાન, અઝીઝી, નસ્લાન અને કૂનુસ હતા. આ હુદૂદના નઝદીક આપ ઈમામે કઈ પૈશગોઈ કીધી મગર તેઓ સમઝા નહીં. તો આપના બાબુલ અબ્વાબ ઈબ્ને મદયનને પૂછ્યું કે, આ લોગોને બતાવો કે હું શું કહેવા ચાહું છું. ઈબ્ને મદયને બતાવું કે, ઈમામ હવે ઈસ્તેતાર (પડદાપોશી) ની ખબર કરે છે જે પોતાના કત્લના સબબ થાશે.

ઈમામતના સિલસિલામાં કોઈ તબ્દીલી થઈ ન શકે કેમકે, તે અલ્લાહ તરફથી મુકર્રર થયેલું હોય છે. લેહાઝા કોઈ ઈમામ, ઈમામતના દરજાને હરગિઝ લાઈક થાતા નથી પણ એના કોઈ એક ફરઝંદમાં એ ઈમામતનું નૂર જોઈ છે અને એને ઈમામતની નસનો તાજ પહેરાવે છે અને દુનિયામાં અલ્લાહના દીનના મુહાફિઝ બનાવે છે. ઈમામ આમિર (અ.સ.) ની ૫૨૬ હિ. માં શહાદત થઈ તે પહેલા ઈમામતના ૨૧ માં અન્વાર મૌ.ઈમામ તૈયેબ (અ.સ.) ની પૈદાઈશ મિસિરમાં ૪ ૨.આખર ૫૨૪ હિ. માં થઈ. મિસિરમાં આપની પૈદાઈશથી રૌનક જ રૌનક હતી, મુમેનીનમાં અજબ મસર્રત હતી અને મૌ.આમિર (અ.સ.) ની ખુશીની તો કોઈ ઈન્તેહા જ ન હતી. આપે તમામ ઈમાની શહેરોમાં વિલાદતે ઈમામ તૈયેબ (અ.સ.) ના બશારતનામા મોકલા, દોઆતોએ ઈમામ તૈયેબ (અ.સ.) ની દાઅવતનો મુમેનીનથી બયઅત લીધો, મુમેનીને ખૂબ ખુશીઓ મનાવી.

### -::: મીલાદ મુબારક :::-

**ખલીફતુર રહમાન, વાઝેહુલ બુરહાન અમીરૂલ મુમેનીન મૌલાના અબુલ કાસિમ ઈમામ તૈયબ (અ.સ.) ને ૯૦૬ મીઅને દાઈયુલ લાહિલ અમીન, હબ્બિલ લાહિલ મતીન સૈયદના વ મૌલાના અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ને ૭૯ મી સાલગિરાહ મુબારક થાય.**

૫૨૮ હિ. માં મિસિરથી ઈમામ તૈયેબ (અ.સ.) આપના મખ્સૂસ હુદૂદ સાથે સતરમાં ગયા અને યમનમાં આપ મૌલાના વફાદાર ખિદમતગુઝારોએ આપના હુકમથી દાઅવતને ઝિંદગી બખ્શી અને દોઆતે કિરામની બેલૌસ ખિદમતથી યમનની શાન દાઅવતના મિનારથી બલંદો બાલા થઈ. હર સાલ યમનમાં ઈમામ તૈયેબ (અ.સ.) ની વિલાદતનો યૌમ ફાતેમી શાનો શૌકત અને આબો તાબ સાથે દોઆતો મનાવતા હતા, જે રસ્મ યહાઁ હિન્દુસ્તાનમાં આજે જારી છે. **મુમેનીન મુખ્લેસીન વાસ્તે દુગની ખુશી એ વાતની છે કે, હમારા ઇમામ અને હમારા દાઇ, બેવે "તૈયેબ", બેવે નૂરના પૈકર, બેવે મુમેનીનના રેહબર, બેવે આલે અત્હર અને બેવેની વિલાદત ૪ ર.આખરના દિન વાકેઅ થાય છે.** સુબ્હાનલ્લાહ, શું હસીન ઈત્તેફાક છે ! મુંબઈના મુમેનીનનો શું આઅલા ઈકબાલ છે કે, પોતાના મૌલા ઈમામ તૈયેબ (અ.સ.) ના યૌમે વિલાદત સાથે હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) પોતાની

*(બકીયાહ પેજ નં. ૧૨ પર)*

مِيۡلَادۡ مُبَارَكۡ مِيۡلَادۡ مُبَارَكۡ مِيۡلَادۡ مُبَارَكۡ مِيۡلَادۡ مُبَارَكۡ

## -: હદીસે નબવીમાં ઈખ્તેલાફાતની અસલીયત :- કિસ્ત-૫

(૩) તે શખ્સ જેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી એક વાતને સાંભલી કે આપ એને કરવાનો હુકમ કરે છે અને પછી એને ન કરવાનું કહ્યું હોય. આ પછીથી ફરમાવેલી વાતની તે શખ્સને ખબર ન હોય. યા એમ પણ બને કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે ચીઝને ન કરવાનું કહેલું હોય એ તે શખ્સે સાંભલું હોય અને એ ચીઝને કરવાનો હુકમ કીધો હોય એની તે શખ્સને ખબર ન હોય તો એને પહેલી વાતને યાદ રાખી અને પછીની વાતને નહીં. હવે તે શખ્સ આગલી-પાછલી બેવે વાતને જાણી લે તો જે કલામ રસૂલે મકબૂલે છેલ્લા ફરમાવા એ મુજબ અમલ કરે અને જે લોગોને એનાથી આ અધૂરી વાતને સાંભલી હોય તેઓ પણ સાચી વાતને જાણી સહી અમલ કરે.

(૪) તે શખ્સ જે ખુદા-રસૂલ પર બનાવટ-જૂઠ કરે નહીં, ખોટી વાતનો દુશ્મન હોય, અલ્લાહનો ખૌફ રાખતો હોય, દિલમાં રસૂલે પાક (સ.અ.વ.વ.) ની અઝમત હોય, કોઈ વકત પણ કલામે-નબવી બયાન કરવામાં ભૂલ કીધી ન હોય બલકે જે સાંભલું હોય એ જ મિસ્લ બરાબર યાદ રાખું હોય અને એ જ મિસ્લ પોતાની ઝબાનથી બીજા આગલ અદા કીધું હોય, ન તો તેમાં ખુદના તરફથી વધારો કીધો હોય, ન તો તેમાં કમી કીધી હોય, જે ચીઝ વાસ્તે રસૂલે પાકે આખિરી કલામ કહ્યા હોય એને યાદ રાખા હોય અને એ મુતાબિક જ અમલ કીધો હોય, જે અધૂરી વાતો હોય એનાથી દૂર રહ્યો હોય, **હદીસે પાકના મફહૂમ-માઅના-મતલબને સહી તૌરથી સમઝો હોય**, તેને પાછલના ઈશારા અને હાલાતથી વાકિફ થયો હોય, તો તે મોઅતબર માં મોઅતબર શખ્સ કહેવાય. આ મિસ્લના શખ્સને જ હક્ક છે કે એ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની હદીસોને બયાન કરીને લોગોને તે મુજબ અમલ કરવા પર આમાદહ કરે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામે શરીફની બે વજેહ-માઅના હોતી. ખાસ કલામ અને આમ કલામ. જે કલામ આમ હોતા તો એની સમઝ તો સાફ-સીધી હોતી કે બધા આસાનીથી સમઝી જાતા. મગર કોઈ ખાસ કલામને એવો શખ્સ સાંભલી લેતો જેને ઝરા પણ માઅરેફત ન હોય કે ખુદાઓ રસૂલનો એ કલામથી શું મકસદ છે યા કયા સબબથી એ કલામ અદા થયા છે એની સમઝ બિલકુલ ન હોય તો એ શખ્સ એ કલામને ઈન્સાફ નહીં આપી શકે, સહી માઅના બતાવવી તો દૂરની વાત છે મગર એ કલામને સહી તૌર પર યાદ પણ નહીં રાખી શકે ! આ તો એવી મિસાલ થઈ કે, લુહારના હાથમાં કલમ પકડાવી એનાથી કિતાબ લખાવવાની ઉમ્મીદ રાખવામાં આવે. **લુહારના હાથમાં હથોડાનો જ હક્ક છે અને કલમ, કાતિબના હાથમાં જ ઝીનત બખ્શે.**

**લુહારના હાથમાં હથોડાનો જ હક્ક છે અને કલમ, કાતિબના હાથમાં જ ઝીનત બખ્શે.**

આ બયાનીનો ખુલાસો એમ થઈ શકે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ હદીસોના રિવાયત કરનારની ચાર કિસ્મ બયાન ફરમાવી, જેમાં પહેલી કિસ્મ તે મરદૂદ અને મલઊન લોગોની છે, મુનાફિકોની છે. જેઓએ અહલુલ બૈત (અ.સ.) ને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ગુઝરવા બાદ ઈઝા આપી, દરજાની તૌહીન-બેઈઝઝતી કીધી અને એમના હક્કને છીનવીને શરીઅતે મોહંમદી સાથે ખીલવાડ કીધો. આ લોગો હતા મૌલાના અલી (અ.સ.) ની વસાયત-વલાયતનો ઈન્કાર કરનાર, ખિલાફવરઝી કરનાર, તે બાદ બનુ ઊમય્યાહ, બનુ મરવાન, બનુ અબ્બાસ અને ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના બેવફા શાગિર્દોમાંથી તેઓ જે ઝાહિરના લોગોના ઈમામ તરીકે કાઈમ થયા. **આખિરી કિસ્મ તે વફાશેઆર અસ્હાબે રસૂલ (રિ.અ.) ની છે જેઓ મૌલાના અલી (અ.સ.) ને વફાદાર રહ્યા** અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામને સીના દર સીના નકલ કરતા રહ્યા જેના શાહિદ ખુદ અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન (આ.કુ.) રહ્યા છે. ઈમામે આલે મોહંમદ ઈમામુઝઝમાન (અ.સ.) ની હાઝરી જ હમારે નઝદીક અહાદીસે નબવીની અસલીયતની પહેચાન વાસ્તે કાફી છે, જેની તાઈદથી આજે નાઈબે ઈમામ સૈયદના સાહબ (ત.ઉ.શ.) તે કલામે નબવીથી હમને હિદાયત બખ્શે છે અને નજાત તરફ દાઅવત કરે છે. ★

میلاد مبارک میلاد مبارک میلاد مبارک میلاد مبارک

## -::: મુખ્તસર અખ્બાર :::-

✷ હુઝુરેઆલી સૈયેદના સાહબે (ત.ઉ.શ.) પોતાની સુકૂનબખ્શ રેહાઇશગાહ દારૂસ્સલામ પર ૨૩ સફર ૧૪૩૦ / ૧૮-૨-૨૦૦૯, બુધવારે શહેર પોલીસ કમિશ્નર જનાબ રાકેશ અસ્થાનાને ઈઝને ખાસ પૈશ કરી તલબ કીધા હતા. આ ખુસૂસી તકરીબાતમાં હુદૂદો, ઝાકિરો, ખિદમતગુઝારો અને જમાઅતના ચુનંદા સાહબો હાઝિર હતા. દાઅવતે શરીફાહની અદબ, તેહઝીબ, નિઝામ, લિબાસ અને રોઅબો જલાલનો મુશાહેદો કરીને કમિશ્નર સાહબ ઘણા મોતઅસ્સિર થયા હતા. **હુઝૂરેઆલીનો નૂરાની ચેહરો અને જાહો હશમ સાથે આપની સાદગી-ઇન્તેસારીનું અનોખુ સંગમ** કોઈ પણ પરાયા શખ્સના ઝહેનમાં એક રઈસ અને એની જમાઅતની હસીન તસવીર પૈદા કરે છે.

માઝૂનુદ્દાઅવતે જે વક્ત કમિશ્નર સાહબને સૈયેદના સાહબ અને અલવી જમાઅતની પહેચાન કરાવી તો એ સાહબના ઝબાનથી સાફ-સાફ અલ્ફાઝ અદા થયા કે, "હું બોહરા લોગોને જાણુ છું અને આજે મને અલવી જમાઅતની માઅલૂમાત થઈ છે. હું ઘણો ખુશ છું કે, સૈયેદના સાહબની સરપરસ્તીમાં આજે જમાઅતમાં આ તરહની તરક્કી અને ખુશહાલીનો દૌર છે. આપ બોહરા લોગો **અમનપસંદ અને સુલેહપસંદ** છો અને એક તાઅલીમયાફતા સમાજની આ જ પહેચાન હોય છે." આ મુલાકાતનો મકસદ એ જ હતો કે અપની કૌમની બીજા સમાજમાં ખૈર ગુફતગૂ થાય અને મુમેનીન પોતાના બોહરાપનાની શનાખ્તના સબબ લોગોમાં મકબૂલ થાય.

✷ હિન્દુસ્તાનના બીજા સ્ટેટો કરતા અપના ગુજરાત સ્ટેટની તરક્કીનો ગ્રાફ અને હવે પછી ઉભી થાનારી રોઝગારીની તકોની તસ્વીરકશી કરવામાં આવે તો અપને એ એહસાસ થાશે કે, આજે ગુજરાતના હુકમરાનો અને સિયાસી ઓહદેદારો ગુજરાતના ચહેરા પરથી ૭ સાલ પહેલા કૌમી ફસાદાતના દાગને ઔદ્યોગીક તરક્કીના દમદાર મેકઅપથી હમેશા વાસ્તે ભુસાવી દેવા હર મુમ્કિન કોશિશ કરી રહ્યા છે, અવામને સાથે રાખીને તરક્કીયાફતા ગુજરાતની એક નવી છબી ઉભારી રહ્યા છે.

હાલાતની નઝાકતને સમઝી હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) નો ઘણા વક્તથી ઈરાદો હતો કે, ચીફ મીનિસ્ટર જનાબ નરેન્દ્ર મોદીની રૂબરૂ મુલાકાત કરે, ગુજરાતની ફલાહો બેહબૂદી વાસ્તે હોસલો અપાવે, અલવી જમાઅતની શનાખ્ત કરાવે અને બોહરા કૌમ જે છેલ્લા ૯૦૦ વરસથી ગુજરાતમાં આબાદ છે અને જે ગુજરાતના વિકાસમાં જ પોતાની ખુશહાલી માને છે તેનો એહસાસ કરાવે. અલ્લાહતઆલાએ આપની ઉમ્મીદને પૂરી કીધી અને ૨૯ સફર ૧૪૩૦ / ૨૪-૨-૨૦૦૯, મંગલવારે ગાંધીનગરમાં CMની હુઝૂરેઆલી સાથે ખુશમુલાકાત થઈ અને આપે CMને નઝદીક એ તમામ ઝિક્ર કીધી જેના સબબ એમના ઝહેનમાં અલવી જમાઅતની એક તાઅલીમ-યાફતા અને તરક્કીપસંદ બોહરા કૌમ તરીકેની અલગ પહેચાન કાઈમ થઈ. હુઝૂરેઆલી (ત.ઉ.શ.)એ ફરમાવું કે, "**CM સાહબ, તમારા હાથ પર ગુજરાતનું મુસ્તકબિલ રોશન છે અને હમારા લોગો ગુજરાતના એક હિસ્સા છે.** હમારા કલ્બો ઝમીરમાં ગુજરાતની નામવરીનો ખ્વાબ છે જેને બધાને સાથે મીલીને હકીકતમાં બનાવવાનો છે. હમેં જોઈએ કે નઝદીકમાં જ સરકારની કોશિશથી ગુજરાત એક મોડેલ સ્ટેટનું મકામ હાસિલ કરે."

✷ જમાઅતના શબાબ-જવાનો જમાઅતનું મુસ્તકબિલ છે, તાકત છે, હરારત છે. આ હમારા બાહોશ જવાનોના જોશનો ખૈર ઈસ્તેમાલ કરવા અને જમાઅતની ખૈરખ્વાહીના કામો કરવા તરફ તેઓનું ધ્યાન-રગબત અપાવવા અને જમાઅત વાસ્તે ભલાઈની સોચ ઉભી કરવા માઝૂનુદ્દાઅવત સૈયેદી સાહબે (દા.મ.) ચુનંદા અંજુમનોના મેમ્બરો તેમજ ખિદમતે કૌમનો જઝબો રાખનારા જવાનોનો ઈજતેમાઅ ૯ ર.અવ્વલ ૧૪૩૦ / ૫-૩-૨૦૦૯, જુમેરાતે શેહાબી મસ્જિદમાં રાખો હતો. આપે ફરમાવું હતું કે, "**કોઇ બીજા અપની જમાઅતના કામોને પૂરા કરવા નહીં આવે મગર અપને ખુદ તેના વાસ્તે તદબીર કરવી પડશે.** જમાઅતના હર મેમ્બર પર ફરઝ છે કે, એ જમાઅતની ખિદમત વાસ્તે પોતાનો વક્ત આપે અને એમ હરગિઝ ન કહે કે, જમાઅતે એના વાસ્તે શું કીધું છે ? પણ એમ કહે કે, પોતે જમાઅત વાસ્તે શું કરી શકે છે ? ઝિંદગી તો બધા જ ગુઝારે છે મગર સાચી ઝિંદગી તે છે જે બીજાની ભલાઇ વાસ્તે ગુઝારવામાં આવે. **સાહબે દાઅવત હર વક્ત મુમેનીનની**

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

*(પેજ નં. ૩ નું બાકી)* ***મુખ્તસર અખ્બાર....***

**ખૈરીયત ચાહે છે અને જો આના સાથે જોશીલા જવાનોનો જુસ્સો શરીકે હાલ હોય તો હર મુશ્કિલ કામ મુમ્કિન થઇ શકે છે.**

હાઝેરીન જવાનોએ સૈયેદી સાહબની આ દાઅવતે ખિદમત પર લબ્બૈક કહીને મુમેનીનની બેહબૂદી વાસ્તે કમરબસ્તા થાવાની તૈયારી બતાવી અને જમાઅતના બીજા નૌજવાનો જે આ તરહનો ખિદમતે કૌમનો ઈરાદો રાખે છે તેઓને પણ આ તેહરીકે શબાબમાં શામિલ કરવાની વાત કીધી.

**"હિમ્મતો અઝમો અમલ સે ઝિંદગી કી શાન હે,**
**વરના યે મિટ્ટીકા પુતલા નામ કા ઇન્સાન હૈ."**

✷ હુઝૂરેઆલી સૈયેદના સાહબે (ત.ઉ.શ.) પોતાની કિયામગાહ દારૂસ્સલામ પર ૧૨ ર.અવ્વલ ૧૪૩૦ / ૮-૩-૨૦૦૯, રવિવારે તે મુમેનીનને યાદ ફરમાવા જે ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ.) ના આઝેમીન થયા છે અને સાથે નજફે અશરફ-શામની ઝિયારતે મુકદ્દસાહના સફર પર જઈ ચુકા છે. ઘણી દરાઝ મુદ્દત બાદ આ તરહનો કાફલો થયો છે જેમાં દાઅવતે શરીફાહના રઝાના સાહબ શામિલ છે, જે ૪૦ જેટલા મુમેનીનને ઝિયારતના અરકાન અને તેની એહમીયતથી આશના કરાવશે. માઝૂનુદ્દાઅવત સૈયેદી સાહબ (દા.મ.) મુમેનીનને ઝિયારતે મુબારકા વાસ્તે ખાસ દરસ આપા, દોઆ-સલામો કેમ પઢવા તેની હિદાયત આપી, ઝિયારતની ખુસૂસીયત સમઝાવી.

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ ફરમાવું કે, મને બેહદ ખુશી થાય છે કે, "તમને અલ્લાહતઆલાએ હુસૈની અને અલવી ઝિયારતના ફૈઝો બરકાતથી નવાઝા છે. તમે અલ્લાહનો શુક્ર કરો કે, **તમને દાઅવતના સાહબ અને મુમેનીનની સોહબત સાથે ઝિયારત નસીબ થઇ છે.** રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ જેની ઝિયારતનો સવાબ ૧૦૦ હજ્જ-ઉમરાનો બતાવેલો છે તે નવાસએ રસૂલ, લખ્તેજિગરે બતુલ, ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત વાસ્તે તમેં દૌલત ખર્ચી રહ્યા છો, અલ્લાહતઆલા તમને આની બરકતથી ખુશહાલ અને આબાદ કરશે. હમેં દોઆ કરીએ કે, જે તરીકાથી આપ લોગો જાવ છો તેમ બીજા હમારા મુમેનીન પણ એક સાથે એક ગ્રુપ બનાવીને કરબલા-નજફની સફરને ઈખ્તિયાર કરે." ★

---

(cont. from page no. 6) **QUR'AN-E-KAREEM......**

It is a firm foundation which never collapses.
It is an 'Elixir' and a 'Divine Cure' after which there is no danger of any disease. Mumin will never get defeated because of its Pride.
It is the Haqq (truth) whose followers will never be left unfulfilled.
It is the mine of 'Imaan'.
It is an endless vast ground of Wisdom.
It is the springs of Knowledge.
It is the ponds of 'Adl (justice).
It is a sea which can never be dried.
It is a destiny from where no one gets deviated.
It is a milestone which no traveller can ignore.
Allaah Ta'aala has made the Qur'an, water for the thirst of the learned, spring for the heart of a Faqeeh (judge) and an open sign for the path of the mumineen.
It is a Noor after which there is no darkness.
There is peace and harmony for the one who enter in its obedience.
It is guidance for its followers. ★

**બે જણાનું મન કોઈ વકત ભરાતું નથી : (૧) ઈલ્મનો તલબગાર અને (૨) દુનિયાનો તલબગાર. આ બેવે ની તલબ એક સરખી નથી. જે ઈલ્મને તલબ કરે છે તે પોતાના રબની ખુશી ઝિયાદહ હાસિલ કરે છે અને જે દુનિયા ને તલબ કરે છે તે ફિત્નાખોરી અને તુગયાનીમાં વધારો કરતો જાય છે.**

میلاد مبارک میلاد مبارک میلاد مبارک میلاد مبارک

## -: ફઝીલતે બિસ્મિલ્લાહ :- (કિસ્ત-૨)

અહલે ઝાહિરના લોગો જેઓ તાવીલથી મેહરૂમ છે અને હકીકતથી ગાફિલ છે, "બિસ્મિલ્લાહ" ની બેઅદબી એ બેબુનિયાદ અને વાહીયાત રિવાયતથી કરે છે કે, નઉઝો બિલ્લાહ, "બિસ્મિલ્લાહ" કુરઆને કરીમની મુકમ્મલ આયત નથી. આ હવાનફસીથી ઘડવામાં આવેલી રિવાયતની તરદીદ અલ્લાહતઆલાનો એ કૌલ કરે છે કે, **હમેં જ ઝિક્રને ઉતારેલી છે અને હમેં જ એની હિફાઝત કરનારા છીએ.** જો અગર અવામે શયતાનની આ હરકતને સાચી સમઝી લીધી હોય અને એમ બકવાસ કરતા હોય કે, "બિસ્મિલ્લાહ" ને શયતાન ચોરી ગયો છે, તો તેઓ ખરેખર શયતાનની મરઝીને તાબેઅ થઈ ગયા કહેવાય. દોઆતે કિરામ (સ.અ.) ફરમાવે છે કે, "બિસ્મિલ્લાહ" ની અડધી આયત "અર્રહમાનિર્રહીમ", કુરઆનની પૂરી આયત છે, જે સૂરતુલ ફાતેહાની તીસરી આયત છે. અરે ! આ "બિસ્મિલ્લાહ" નો ચોથો હિસ્સો જે "અર્રહમાન" છે, એ પણ પૂરી આયત છે, જે સૂરએ રહમાનની પહેલી આયત છે. બલ્કે, આથી ઝિયાદહ "અર્રહમાન" નો અડધો હિસ્સો "અલિફ લામ રા" અને તે બાદ તેનો બીજો હિસ્સો "હામ મીમ" અને બાદમાં તેનો આખિરી હરફ "નૂન" પણ કુરઆને કરીમના હુરૂફે મુકત્તેઆતમાં શામિલ છે, જે બાઝ સૂરતોની ઈબ્તેદામાં પૂરી આયતો છે. આ બહેસથી જે હકીકત રૂનુમા થાય છે અને હુજ્જત સાબિત થાય છે કે, "બિસ્મિલ્લાહ" નો અડધો ટુકડો કે ચોથો ટુકડો કે ચોથા ટુકડાના ત્રણ ટુકડાઓ પૂરેપૂરી આયતો છે અને એમાં દુનિયાના હઝારો તફસીરવાલાઓનો કોઈ જ ઈખ્તેલાફ નથી, તો પછી "**બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ**" કુરઆનની એક આયત છે એમાં તેઓની મુખ્તલિફ રાય કેમ હોય શકે ? **અફસોસ સદ અફસોસ ! એ લોગોની હકીકી માઅરેફત, અક્લે સલીમ અને ફેહમો તમીઝની કમી છે કે, અલ્લાહના કિતાબે અઝીમના મોઅજિઝાની ખરી પેહચાનથી પણ એ લોગો મેહરૂમ રહી ગયા છે.**

"બિસ્મિલ્લાહ" ની આ તરહની એહમીયત, વકાર, ફઝીલત, મઆની અને મકામને બાવુજૂદ ગુમરાહ લોગો એની કિરાતને મુકી દે છે અને એના મુકવાને સાથે સૂરએ હમ્દની કિરાત નાકિસ (અધુરી) થાય છે અને બિલઆખિર આ કુસૂરના સબબ નમાઝ ઝાયેઅ થઈ જાય છે. અહલુલબૈત (અ.સ.) થી ઝિંદગીના હર ઝાહિરી-બાતિની ઊમૂરમાં "**બિસ્મિલ્લાહ**" પઢવાની તરગીબાત આવેલી છે. ઘરમાં દાખિલ થાતી વક્ત, ઘરમાંથી નીકલતી વક્ત, થાલમાં અલ્લાહની હર નેઅમત જમતા પહેલા, કોઈ પણ દોઆ પઢતા પહેલા, લિબાસ પહેરતી વક્ત "બિસ્મિલ્લાહ" પઢવાની તાકીદ કરવામાં આવેલી છે. રોઝમર્રાની દોઆઓ, જેમ કે વુઝૂ કરતા પહેલા બેવે હાથ ધોવાની દોઆ, મસ્જિદમાં દાખિલ થાવાની દોઆ, નાનો તાશહહુદ પઢતા, મસલ્લો ચુમતી વક્ત, સેહવનો તશહહુદ અને અહલુલ બૈત (અ.સ.) થી મન્કૂલ બેશુમાર દોઆઓ "બિસ્મિલ્લાહ" થી શુરૂ થાય છે. મુમેનીનના ઘરમાં બચ્ચું જે વક્ત તાઅલીમની ઉંમર પર પહોંચે છે તો પહેલી વાર "**બિસ્મિલ્લાહ**" પઢાવવામાં વાલેદૈનને બેહદ ખુશી મેહસૂસ થાય છે અને આ રસમ રઝાના સાહબની હાઝિરીમાં અદા થાય છે.

અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) થી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની એક હદીસે શરીફમાં મન્કૂલ છે કે, "જે વક્ત ઉસ્તાઝ બચ્ચાને "બિસ્મિલ્લાહ" ની તાઅલીમ આપે છે અને બચ્ચું "બિસ્મિલ્લાહ" પઢે છે તો અલ્લાહતઆલા બચ્ચા ને વાસ્તે, તેના વાલેદૈનને વાસ્તે અને તેના મુઅલ્લિમને વાસ્તે **જહન્નમથી બરાત લીખી દે છે.**" ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, તે લોગોને શું થઈ ગયું છે ? અલ્લાહતઆલા એ લોગો ને હલાક કરે કે, તેઓએ બનાવટ કીધી અલ્લાહના કિતાબની અઝીમુશ્શાન આયતમાં, અને ગુમાન કીધું કે, તે બિદઅત છે, જો "બિસ્મિલ્લાહ" ને એ લોગો ઝાહિરમાં પઢે.

શું તે લોગોની અકલ કાઠ નથી ખાઈ ગઈ કે જે જગા પર "બિસ્મિલ્લાહ" ન બોલાય અને સૂરતુલ ફાતેહાના આખિરમાં ગૈર ચીઝ બોલાય અને એવા લોગોને દરમિયાન નમાઝોમાં સફમાં ઉભા થઈને અહલુલ બૈત (અ.સ.) ને માનનાર નમાઝ પઢે ? હમેં બયાન કીધેલી રિવાયતો મુજબ જો અગર એક ઈન્સાફપસંદ મુમિન એના પર ગૌરો ખૌઝ કરે તો શું તે બીજા ગાફિલ ભાઈને આવી બિદઅતથી બાહર ન લાવી શકે ? ★

મિલાદ મુબારક મિલાદ મુબારક મિલાદ મુબારક મિલાદ મુબારક

## –::: QUR'AN-E-KAREEM in the words of Maulaana ALI (as) :::– Part-2

Allaah Ta'aala has revealed many verses in the Fazeelat of Ahl ul-Bayt (as) – Aal-e-Mohammad (saws). They are treasures of the Mercy of Allaah. Their words are truth and their silence is such that no one can go beyond it. **"Kalaamohu bayaanun wa samtohu lesaanun"** – their words are explanations and their silence is indeed words. Allaah Ta'aala has sent Rasoolullaah (saws) in this World with Haqq (truth) with the help of which he guides the people towards Allaah and restricts them from the worship of Idols. It is the Haqq which takes us to the obedience of Allaah and away from the evil of the Shaitaan.

Rasoolullaah (saws) explained the Qur'an to create awareness of the existence of Allaah and his Deen among the people who had become ignorant in the religious matters. Allaah Ta'aala gave a supreme miracle of Qur'an to Rasoolullaah (saws) so that the Deen of Allaah becomes obvious in the people. It was the words of the Qur'an and Rasoolullaah (saws) who pulled the people towards the path of guidance. Allaah Ta'aala warned the people of their deeds by revealing the verses which carried the description of the fate of the previous Ummah (communities) who disobeyed the Prophets of Allaah.

Rasoolullaah (saws) has said that, After me, a time will come when the people will overlook the teachings of the Qur'an, they will disobey my Sunnat and teachings, and they will forget the Fazeelat of Aal-e-Mohammad (saws). The World will witness the time when people will leave the right path of guidance of Allaah. They will deviate from the Qur'an such that it will just remain as a book among them. They will misinterpret the Qur'an according to their convenience. Evil deeds will take over the good ones. They will commit a serious mistake of making changes in the Qur'an. **Community will be divided into various groups and each one will claim its supremacy on the basis of their false and manipulated knowledge.**

This will be the time when very few people will remain on the Path of Allaah and Aal-e-Mohammad (saws). They will never deviate from the Truth and the belief of Imaam uz-Zamaan (as). They will be tortured and harassed by the deviated ones to the extent that they will wander from one place to the other in search of peace and harmony. In the time of their hardships, none but Allaah and the Qur'an will protect them in every way. These are the people to whom Allaah has promised the Ne'mat and reward of Jannat.

Maulaana Ali (as) has said that, Qur'an is an 'order and command', it keeps mumin away from the 'evil', it remains 'silent', it 'speaks', it is the 'Hujjat' (argument) of Allaah on His Creations. Allaah has taken Misaaq (promise, covenant) of Qur'an from His Creations. He has made their hearts obedient of it. He has completed His Noor (glory) on them with the Qur'an. He has accomplished His Deen on them with the Qur'an. Allaah Ta'aala descended the death for Rasoolullaah (saws) only when he completed his task of conveying the Deen of Allaah to the people in every way, and when they understood it fully in the way Allaah had revealed unto them. **Ta'zeem (honour) of the Qur'an is the Ta'zeem of Allaah.** Nothing of the Deen of Allaah has been kept secret from you. Everything has been explained. The things which have been made forbidden and lawful for us are clearly stated in the Qur'an. It contains all particular verses for that.

Maulaana Ali (as) has said that, Allaah Ta'aala has revealed such a Book on Rasoolullaah (saws),
The Glory and Brilliance of which would never get dimmed.
It is the Qur'an which is a bottomless sea and a clear path.
Its rays never get blurred.
Qur'an is a Furqaan (the one which differentiates) who's Burhaan (argument, contention) never gets loose.


(cont. to page no. 4)

## -::: મૌસમે ઈમ્તેહાન – Examination Season :::-

**"Parents ની ઘરમાં Exam અને બચ્ચાઓની School/College માં Exam"**

હર સાલ February નો મહિનો પૂરો થતાં જ ઘરોને અંદર એક અજબ તનાવ-tension, stress ની હવા ચાલે છે જેના સબબ ઘરનું સુખ-ચૈન છીનવાઈ જાય છે. School/College માં પઢતા બચ્ચાઓના માઁ-બાપ ને વાસ્તે ખરી કસોટી નો વક્ત આવે છે. આ મૌસમમાં એમ માલૂમ પડે છે કે, બચ્ચાઓની exams ને વાસ્તે એના માઁ-બાપ પણ તનતોડ મેહનત કરવા પર આમદા થાય છે. School/College માં બચ્ચું લેખિત (written) exams આપે તો ઘરમાં માઁ-બાપ રાત-દિન એક કરીને mental (માનસિક) ઈમ્તેહાન આપે છે. આ મેહનત પાછલ સઘલા વાલેદૈન (parents) નો એક જ મકસદ હોય છે કે, પોતાનું બચ્ચું exams માં excellent result લાવે.

Exams ના આ દૌર માં બચ્ચું ઘણા નાઝુક અને stressful વક્તમાંથી ગુઝરે છે. એવા વક્તમાં હર હાલતમાં બચ્ચાની મદદ કરવી એ વાલેદૈનનું ફરઝ છે. Exams ના વક્ત બચ્ચાની શું હાલત હોય છે એ નીચે આપેલા diagram થી સમઝી શકાય છે.




**Examination stress ના આસાર (signs) :-**

(૧) ભણવામાં દીલચસ્પી ન રહેવી.
(૨) વધારે પડતું TV જોવું યા વધાર પડતું સુઈ જવું.
(૩) સ્વભાવ ચીઢીયલ થઈ જવો.
(૪) વધારે પડતો ગુસ્સો આવવો, ફિકર કરવી યા ઉદાસ રહેવું.
(૫) પોતાના જ વિચારોમાં ખોવાયેલા રહેવું. ધ્યાન (concentration) ન કરી શકવું.
(૬) એકલા રહેવું પસંદ કરવું.
(૭) માથાનો દુખાવો, ચક્કર આવવા, આંખોમાં અંધાર આવવો, ઉલ્ટી થવી, પેટમાં દુખાવો થવો, જુલ્લાબ થવા, વગેરે.

**Parents ને શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ :-**

➛ Exams ના વક્ત પર બચ્ચાને emotional support આપવો ઘણો ઝરૂરી છે. એની તકલીફો ને ધ્યાનમાં લઈને એનો હોંસલો વધારવો (encourage) જોઈએ.

➛ જ્યારે બચ્ચાની પાછલી exams માં result ઓછું આવું હોય તો માઁ-બાપ ને બચ્ચાનું confidence વધારવું જોઈએ જેથી કરીને આવતી exams માં એની મેહનતથી સારૂ result લાવી શકશે.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

مِیلاد مُبارَک  مِیلاد مُبارَک  مِیلاد مُبارَک  مِیلاد مُبارَک

(પેજ નં. ૭ નું બાકી) **મૌસમે ઈમ્તેહાન....**

- માઁ-બાપ ને પોતાની તકલીફો યા tension પોતાને અંદર જ રાખવા. બચ્ચાને પોતાના Tension કહેવા નહી - ખાસ કરીને exams ને નઝદીક. જે ચીઝોથી બચ્ચાને કોઇ નિસ્બત (connection) ન હોય એવી વાતો બચ્ચાને કહેવી નહી.
- પોતાના બચ્ચાની તાકત (capacity) મુજબ જ વાલેદૈન-parents ને expectation -ઉમ્મીદો રાખવી જોઇએ. High expectation - ઊંચી ઉમ્મીદો રાખવાથી યા બચ્ચા પર ઊંચા result લાવવા પર ઝોર કરવાથી બચ્ચું માનસીક રીતે ભાંગી પડે છે.
- બચ્ચાના result ને લીધે Family માં તનાવ રાખવો યા ઘરમાં ઝઘડા કરવાથી બચ્ચું ગભરાઇ જાય છે. બચ્ચાના result ના સબબ family માં ઉંચ-નીચ થવી જોઇએ નહીં.
- બચ્ચુ અગર કોઇ subject માં સારા માર્કસ લાવે તો એની તાઅરીફ કરવી જોઇએ અને encourage કરવો જોઇએ. જે subject માં કમ માર્કસ હોય એના વાસ્તે બચ્ચાને બોલવું યા મારવું જોઇએ નહી. અગર માઁ-બાપ ના હોંસલા બલંદ (dedication) હશે તો future માં બચ્ચું ઊંચુ result ઝરૂર લાવશે.
- બચ્ચાની studies યા exams ને લીધે ઘરમાં કોઇ તનાવ યા tension હોવુ જોઇએ નહી. Studies ને સાથે સાથે TV જોવામાં યા વાતો કરવામાં યા બાહર જવામાં પણ વકત નીકાલવો જોઇએ. Exams ને બચ્ચું જેટલી confidence ને સાથે અને ઇત્મેનાન ને સાથે લેશે એટલું result ઊંચુ આવશે.
- બચ્ચાના હર problem ને પૂરી તરહ પેહચાનો, તેને સમઝો અને એનો સહી તરીકાથી નિકાલ લાવો.
- Exams એ દુનિયાનો છેડો નથી. અગર exams માં બચ્ચું નાકામિયાબ થાય તો બીજા ઘણા બધા રસ્તાઓ છે અને મૌકાઓ (opportunities) છે.
- Exams ના દિવસો ને દૌરાન બચ્ચાને વાસ્તે વક્ત ઘણો કીમતી (precious) છે. Exams ના વક્ત બચ્ચાને વાસ્તે systematic time-table બનાવવાનું ઘણું ઝરૂરી છે, જેમાં studies + relaxation (આરામ) + sleep (ઊંઘ) હોવી ઝરૂરી છે.
- બચ્ચાના exam result બીજા બચ્ચાને સાથે compare કરવા (સરખાવવા) ન જોઇએ.

**Examination ના દિવસોમાં બચ્ચાઓ વાસ્તે Tips (સલાહ) :-**

- પોતાની વાંચવાની યા યાદ કરવાની capacity મુજબ time-table બનાવવું. બીજા બચ્ચાની નકલ કરીને પોતાને ઉપર બોઝ નાખવો જોઇએ નહી.
- લગાતાર કલાકો સુધી વાંચવાથી brain થાકી જાય છે અને interest ઘટી જાય છે અને memory (યાદ રાખવાની તાકત) કમઝોર થઇ જાય છે. Studies ને સાથે break (વકફો) લેવો ઘણો ઝરૂરી છે જે વકફામાં યાદ કીધેલી ચીઝ recollect કરી શકાય. મીસાલના તૌર પર study - TV - study - relaxation - study - light walk - study.
- Exams માં શું result આવશે યા બરાબર પેપર માં લખાશે કે નહી - એવા negative વિચારો મનમાંથી કાઢી નાંખવા. Exams ના વક્ત હમેશા પોતાની સોચ ને positive રાખવી કે બધું જ બરાબર થાશે.
- Exams ના વક્ત પાછલી ઈમ્તેહાન ના ખરાબ result ના બારામાં સોચવું ન જોઇએ. જે વીતી ગયું તેને કોઇ બદલી શકતું નથી અને future અપના હાથમાં છે. Past ના દુ:ખથી future ના મૌકાને (opportunity) ખોવા ન જોઇએ. પાછલી exams માં કયા subject માં weak (કમઝોર) હતા તે ધ્યાનમાં લઇને મેહનત કરવી જોઇએ.

(બકીયાહ પેજ નં. ૯ પર)

میلاد مبارک میلاد مبارک میلاد مبارک میلاد مبارک

(પેજ નં. ૮ નું બાકી)

**મૌસમે ઈમ્તેહાન....**

- જે બચ્ચાઓ exam result માં average માર્કસ લાવતા હોય તેઓને તે જ subject પર વધારે ઝોર આપવું જોઈએ કે જેને માં તે માહિર (master) હોય. આમ કરવાથી તેનું confidence વધે છે.
- જે બચ્ચાઓ below average હોય (ઓછા માર્કસ લાવતા હોય) તેઓને જે ચીઝ important -મહત્વની લાગે તે જ ચીઝ પર મેહનત કરાવવી જોઈએ જેથી કમ માં કમ પાસ થવા જેટલા માર્કસ લાવી શકાય.
- જે દીવસે પેપર હોય તે દીવસે ફક્ત revision કરવું અને જે ચીઝ યાદ ન હોય તેને પર એક વક્ત નિગાહ કરી લેવી (read કરી લેવું). પેપર ના વક્ત પહેલા કોઈની આસપાસ ની વાત સાંભલવી નહી કે - આ question આવશે યા આ મુજબ પેપરમાં પૂછાશે. આમ કરવાથી anxiety (બેચૈની) વધે છે અને યાદ કીધેલુ પણ ભૂલી જવાય છે. જે ચીઝો યાદ કીધેલી હોય એને પર જ વધારે ઝોર આપવું જોઈએ.

## Examination stress ના ખતરાની નિશાનીઓ - Danger signs - જેને વાસ્તે urgent ઇલાજ કરવો ખૂબ જ ઝરૂરી છે.

- પોતાની જ સોચ માં રહે. ઘરની કોઇ ચીઝમાં interest ન રહે. Loneliness (તન્હાઇ) વધારે ગમે.
- વારંવાર suicide ની યા મરી જવાની વાતો કરે. દુનિયાથી interest ઘટી જાય. Life બેકાર લાગે.
- જમવાની યા સુવાની આદતોમાં અચાનક બદલાવ આવે. જમવાનું છોડી દે યા ઊંઘ ન આવે.
- Studies કરતા exams માં result કેવું આવશે તેના બારામાં જ સોચા કરે અને revision કરવા યા ભણવાથી પરહેઝ કરે. (મન ન લાગે).

## Treatment :-

- Examination stress ને વાસ્તે homoeopathy માં બેહતરીન દવાઓ છે. એના વાસ્તે બચ્ચાને ડૉક્ટરને પાસે personally લઇ જવું ઘણું ઝરૂરી છે. પૂરો case લીધા બાદ ઉપર જણાવેલી વિગતો ના આધારે બચ્ચાને શું તકલીફ છે એને પરથી appropriate દવાઓ અપાય છે, જેના સબબ બચ્ચાનો concentration power વધે છે અને exam fear ઓછો થાય છે. ★

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ "લફ્ઝી કશ-મ-કશ" ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા "ફાઈનલ સવાલ" નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને મક્કાના લોગો કયા નામથી પુકારતા હતા ? (◯ ☐ ◯)

(૨) બયાન, વાઅઝ. (◯ ☐ ☐ ☐)

(૩) ઈરાદો, અઝમ. (◯ ☐ ☐ ☐)

(૪) પાયેદાર, સખ્ત. (☐ ☐ ◯ ☐)

**ફાઇનલ સવાલ :**

✲ તે જાનવર કે જેનું ઘર હલકામાં હલકુ છે અને અલ્લાહતઆલાએ તેને કુરઆનમાં એક પૂરી સૂરત સાથે યાદ કીધેલું છે ? (☐ ☐ ☐ ☐ ☐)

➡ **ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧) ન જ (ફ)

(૨) એ હ (તે) રા મ

(૩) ફ (ખ) ર

(૪) (લા) ઝ મી

(૫) (સા) ઈ લ

**ફાઇનલ જવાબ :** ઈ ખ તે લા ફ

તરકીબના સહી જવાબો આપનાર :

**ભાઇસાહેબ નૂરૂદીન તસદ્દુકહુસેન. ★**

میلاد مبارک   میلاد مبارک   میلاد مبارک   میلاد مبارک

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✤ કોઈ પણ તરહની ચીઝમાં જો તેનો રઈસ-સરદાર હશે તો એ ચીઝની યાદ-ઝિક્ર ઝમાનાઓ તક બાકી રહેશે. સરદારની ઝિમ્મેદારી અને કિરદાર એ હોય છે કે, તે પોતાની સરદારીને માતહત જેટલી ચીઝો હોય એની નુમાઈંદગી કરે. મિસાલના તૌર પર ઈન્સાન તમામ મખ્લૂકની નુમાઈંદગી કરે છે, યૌમે જુમ્આ બધા અય્યામની સરદારી વાસ્તે કાફી છે, સફેદ લિબાસ બેશુમાર રંગોનો તાજ છે, કુરઆન તમામ આસ્માની કિતાબો કરતા અફઝલ છે. દુનિયાના લોગો પણ પોતાનામાંથી કોઈ એકને પસંદ કરે છે અને પોતાનો સરદાર માને છે. ઈન્સાનને સરદારીનો આ ખયાલ અલ્લાહતઆલાની આ કુરઆની આયત પરથી આવો કે, **"વલેકુલ્લે કૌમિન હાદિન,"** હર કૌમ વાસ્તે એક હાદી-હિદાયત દેનાર છે. હર કૌમની હિદાયત વાસ્તે અલ્લાહતઆલાએ એક નબીને મોકલા જે એના મુમેનીન પર રૂહાની સરદારી કરી શકે. જેટલા અંબિયા આ દુનિયામાં આવા તેઓ પોતાની કૌમના સરદાર હતા અને લોગો ને નૈક રાહ પર ચલાવનાર હતા. હવે જે વક્ત મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પધારા તો અલ્લાહતઆલાએ આપને આગલ ગુઝરેલા બધા જ અંબિયાની નસીહતો અને શરીઅતનું સેન્ટર બનાવી દીધા. **આપ સૈયેદુલ અંબિયા અને ખાતમુન નબીયીન થયા. બધા જ અંબિયાના સરદાર અને નબીઓમાં આખિરી હતા.** આપની સરદારી ના સબબ આપ ઉપર નાઝિલ થયેલી કિતાબુલ્લાહ કુરઆન, આપની આલ, આપની સુન્નત, આપની શરીઅત અને આપના મુમેનીન તમામ કરતા આઅલા છે.

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, (૧) તમે હર અમલ પહેલા નિય્યતે ખાલેસા અને મઝબૂત ઈરાદો કરો. (૨) તમે ઈબાદતને સાથે અલ્લાહ પર યકીન રાખો. (૩) તમે બુઝુર્ગ-ઝઈફ હોવ તો તમારી ઝિંદગીના આખિરી અય્યામને પરહૈઝગારીના સાયામાં ગુઝારો.

જેમ ચામડી ઈન્સાનના જિસ્મના અંદરૂની હિસ્સાને બીગડવાથી બચાવે છે તેમ, પાકી નિય્યત અમલમાં થાતા નુકસાનને રોકે છે. સવારી પર તેની બેઠક અને લગામ હોવી ઝરૂરી બને છે, તે મુજબ અમલ સાથે નિય્યતની લગામ હોવાનો મકસદ સાબિત થાય છે. ઈબાદત કરવી એ અમલનો હિસ્સો છે. જો કોઈ ગાડીમાં બેસે અને એને પોતાની મંઝિલ જ ન મીલે તો તે ગાડીમાં સફર કરવું બેવકૂફી છે. લેહાઝા જો કોઈ ઈબાદત તો કરે પણ જેના વાસ્તે એ ઈબાદત કરે છે તેના ઉપર યકીન જ ન હોય તો એની પૂરી ઝિંદગીની ઈબાદત પણ ઝાયેઅ છે. જયાં યકીન હશે ત્યાં અમલની કામિયાબી હશે. હવે કોઈ શખ્સ આ અમલ અને યકીનની ડગર પર એટલો આગલ નીકલી જાય કે, પૂરી ઉંમર ગુઝારી દે અને દુનિયાને રૂખસત કરવાના આખિરી તબકામાં આવી જાય તો ફક્ત પરહૈઝગારી જ એને ઝઈફીના અય્યામમાં રાહત બખ્શે છે. એની બુઝુર્ગી સાથે એની પરહૈઝગારી એની કામિયાબ ઝિંદગીની અલામત છે. **ભલે દુનિયામાં એનું કોઇ હોય યા ન હોય પણ અલ્લાહ અને અલ્લાહના રસૂલ એના બેહતરમાં બેહતર યારી દેનાર અને મદદગાર હોય છે.** જે શખ્સ ઉમરમાં તો મોટો હોય પણ જો એના અખ્લાક-આઅમાલમાં બુઝુર્ગીની ઝલક ન હોય તો એમ કહેવાય કે, એ અમલ અને યકીન બેવેમાં કાચો રહ્યો અને એની બુઝુર્ગી ફલ-ફૂલ બગૈરના દરખ્ત જેવી રહી ગઈ.★

**નૂરાની મસ્જિદ (બદરી મોહલ્લા) : રાતે ૮:૦૦ વાગે (મંગલવાર)**
**તૈયેબી મસ્જિદ (આજવા રોડ) : રાતે ૮:૦૦ વાગે (જુમ્આ) ★**

## -::: દોઆ :::-

*ઈલાહી કૌમ કી ખિદમત કા ઈનમેં કર અસર પૈદા, ઈલાહી ઈનમેં ઝૌકે ઈલ્મ કર તું સર-બ-સર પૈદા,*
*ઈલાહી ઈનમેં તાજે ઈલ્મ કે કર તું ગોહર પૈદા, જો ફખરે કૌમ હો ઈનમેં વો કર નૂરે નઝર પૈદા.*
*ખુદાયા જલ્દ હો ઈલ્મો અમલ કી ઈનકી તૈયારી, કે મેરી કૌમ કા આલિમ હઝારો પર રહે ભારી.* ★

رمضان مبارك رمضان مبارك رمضان مبارك رمضان مبارك

## -::: હમારા ચમકતા સિતારા :::-



**શહેનાઝ ગુલામહુસૈન કોઠીવાલા**

MSU માં જૂન ૨૦૦૮ માં લેવામાં આવેલી MA (ગુજરાતી ઝબાન) ની ફાઈનલ ઈમ્તેહાનમાં આ બહેને પૂરા ગુજરાતી ડીપાર્ટમેન્ટમાં પહેલો દરજો હાસિલ કીધો છે. MSU ની તારીખમાં આ પહેલો એવો મૌકો છે કે, ગુજરાતી ઝબાનમાં બોહરા જમાઅતના કોઈ સ્ટૂડન્ટે બે ગોલ્ડ મેડલ હાસિલ કીધા હોય. અલવી જમાઅત વાસ્તે એ ફખરની વાત છે કે, આ બહેને જમાઅતના ઈઝઝતના નિશાનને બલંદ કીધેલું છે. જે મંઝિલ પર આજે એ છે તે એની પૂરી લગન, ઝાતી એઅતેમાદ, પાકી નિય્યત, મહેનત, ઘરની ઝિમ્મેદારી સાથે કોલેજના કામકાજને પણ સંભાલવાની હિમ્મત અને અલ્લાહ પર તવક્કુલનો નતીજો છે. કોલેજના તાઅલીમી ઈદારામાં એક પટાવાલાથી લઈને ડીપાર્ટમેન્ટના હેડ સુધી ગૈર ઈસ્લામી મઝહબના હોય, તેઓને દરમિયાન પોતાના બોહરા હોવાની પહેચાનને સાથે રાખીને બીજાઓ કે જેમની માદરી ઝબાન ગુજરાતી હોય તેમને પાછલ છોડી ટોપ પોઝીશન પર આવવું એ બિલાશક ગૈરમામૂલી વાત છે.

હમેં અલ-હાદીના અરાકીન જમાઅતના હોનહાર તાલિબે ઈલ્મોને આ મુજબની કાબિલે દાદ કારકિર્દીની તહે દિલથી મુબારક બાદી આપીએ છીએ. અલ્લાહતઆલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆથી હમારા બચ્ચાઓને તાઅલીમી મૈદાનમાં ઊંચામાં ઊંચી કામિયાબી અતા ફરમાવે અને અલવી જમાઅતની અલવી શાન ઔર આઅલા થાય તે વાસ્તે નૈક તૌફીક હર ખાસો-આમને બખ્શે. ★

## -::: ઝાહેર ખબર :::-


**હઝારીવાલા ઈન્ફોટેક**

**કોમ્પ્યુટર સોફ્ટવેર-હાર્ડવેર સર્વિસ**

ફોન : ૯૭૧૪૪૩૦૩૧૪

**RTO ના કામકાજ વાસ્તે**

**હઝારીવાલા STD-PCO પર મીલો**

ફોન : ૨૫૨૪૯૩૬ / ૯૯૭૯૫૦૨૭૪૬ ★

---

**કારપેટ ....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

**લકી કારપેટ સેન્ટર**

C/o. મહેબૂબભાઇ ભાઇસાહેબ

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા.

ફોન : ૨૫૮૦૫૬૬ ★

---

**Parvez Tinwala & Co.**

Chartered Accountants

3/59 A, Baig Mohammed Bldg.,

131/133, R.B.Marg,

Opp. J J Hospital No.9, Mumbai - 9.

Mobile : 9987529366

E-mail : parvez_t@hotmail.com ★


## -::: દરસે અલ્ફાઝ :::-

| | |
|---|---|
| ખબીસ | : નાપાક, શરીર. |
| ઈઝહાર | : ઝાહિર કરવું, હકીકતને બયાન કરવી. |
| લાસાની | : બેમિસાલ, બેનઝીર. |
| કરામત | : બુઝુર્ગી, સખાવત, મોઅજિઝો. |
| હઝીરો | : ઈહાતો, સુકૂનની જગા, પાક હરમ. |
| કવી | : તાકતવર, ભારી. |
| મુદોઆ | : મકસદ, મતલબ. |
| ફાની | : નૈસ્ત-નાબૂદ, ખત્મ-ખરાબ. |
| એમાદ | : સિતૂન, થાંભલો. |
| ખસ્તા | : બદહાલ, ફકીર. ★ |

**ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી મન્કૂલ છે કે, "આપે એવા નિકાહથી મનાઇ ફરમાવી છે, જેમાં ન અલ્લાહની ખુશ્નૂદીનો ઇરાદો હોય ન પાક દામનીનો મકસદ હોય. આને સિવાય આપે શોહરત અને ખોટા દેખાવના નિકાહથી મનાઇ ફરમાવી છે.**

---

**ઇમામ (અ.સ.) ફરમાવે છે કે,"દુનિયા એક માલો મતાઅનું ઘર છે અને આ તમામ ઝિંદગીના સામાનમાં અફઝલ નૈક બૈરો છે." "ખુશનસીબ છે એ મુસલમાન મરદ જેના નૈક બૈરો હોય, કુશાદા મકાન હોય, આરામ બખ્શનારી સવારી હોય અને નૈક ફરઝંદ હોય."**

*(પેજ નં. ૧ નું બાકી)* ***યે યૌમે વિલાદત....***

૭૯ મી મીલાદે મયમૂન ઇન્શાઅલ્લાહ બિલાદે મુંબઈમાં મનાવશે. પાઁચ સાલ બાદ મુંબઈના મુમેનીન આ મુબારક દિનની બરકાતથી ફૈઝો ફલાહ હાસિલ કરશે.

સાલગિરાહ આવી છે, પાકીઝગી લાવી છે, અહલે દાઅવતમાં ફક્ત સાલગિરહ નથી મગર મુમેનીનની જમાઅતમાં સાલગિરહ આવી છે. આ સાલગિરહ જમાઅતના હર શખ્સની છે કેમકે, આ દિન હમારા મૌલા આ દુનિયામાં પધારા છે. હમારા આકા હમારા રૂહાની બાવાજી થાય લેહાઝા એમના ફરઝંદો કેટલા ખુશ હોય, તમામ મુમેનીનના ઘરોમાં સાલગિરહ છે, પૂરા આલમે ઈમાનમાં સાલગિરહ આવી છે.

દુનિયા આજે રૌશન છે. સૂરજ-ચાંદ તથા તારાઓ ચમકી રહ્યા છે. બધા જ આ રોશનીના સબબ પોતાની ઝિંદગી ગુઝારે છે. તો આલિમ, એમ જાહિલ હરએક વિચાર કરે છે કે, આ રોશની આવી કયાંથી ? આ નૂર કયાંથી આવું ? જો આ નૂર ન હોય તો દુનિયાનો તસવ્વુર કરવો મુશ્કિલ થઈ જાય.

સાચું નૂર તો તે છે કે, જેની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆનમાં કરે છે, **"અલ્લાહો નૂરૂસ્સમાવાતે વલ અર્ઝ"** યાઅની કે આ નૂર પંજતન પાક (અ.સ.) ની મોહબ્બતનું નૂર છે, જે દીને ઈસ્લામના સૂરજ અને ચાંદ છે, જેની રોશનીથી મુમેનીન આખેરતમાં પોતાના જન્નતી મકામને જોઈ શકશે. આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના ઈમામો તથા દોઆતોની દાઅવતનું નૂર જેઓના દિલોમાં નથી તેઓ ફક્ત આ દુનિયાના સૂરજ-ચાંદની રોશની ને જ જોઈ શકશે પણ હિદાયતની રોશનીથી તે મેહરૂમ રહેશે. મુમેનીનનુ નસીબ બલંદ છે કે, હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઉમ્મત માંથી છીએ જે ખૈર ઉમ્મત છે. આ ખૈર ઉમ્મતના ચમકતા સિતારા હમારા દોઆત છે જે બનુ ઈસ્રાઈલના અંબિયા મુજબ છે કેમકે, ઉમ્મતે મોહંમદીયાહના આલિમે સાદિકનો દરજો બનુ ઈસ્રાઈલના નબી મુજબ છે.

અલ્લાહતઆલા ફરમાવે છે કે, રૌઝે કયામત જે વક્ત મુમેનીન ના ઈમામો મુમેનીનને જન્નતમાં દાખિલ કરવાની તૈયારી કરતા હશે તો મુમેનીન કહેશે કે, **"અય હમારા રબ હમારા વાસ્તે હમારા નૂરને પૂરૂ કર અને હમને બખ્શી દે, તુ હર ચીઝ પર કાદિર છે."** નૂરનુ પુરૂ થાવુ એ ઈમામની સોહબત-ઝુમ્રામાં આવવું છે અને બખ્શિશ મીલવી એ જન્નતમાં દાખિલ થાવુ છે. સાલગિરહ એક એવી રોશની છે, જે હમને ઈમામ-દાઈના નૂર તરફ લઈ જાય છે અને તેઓના નૂરના વુજૂદની યાદ અપાવે છે. હક્કના નૂરના તમામ સાહબોના વારિસ, ખુલાસા અને ખઝીના હમારા ૪૪ માં વાલિદે રૂહાની, દાઈએ સુબ્હાની સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની **૭૯ મી મીલાદે અન્વર**ની મુબારકબાદી હમેં તાઅઝીમન વ તકરીમન હમારા સરને ઝુકાવીને અરઝ કરીએ છીએ. આપ હમારા વાસ્તે હર વક્ત દોઆ કરો છો તો હમેં હક્કતઆલાને એ દોઆ ગુઝારીએ છીએ કે, આપ હમારા હક્કમાં દોઆ કરતા રહો, હમને આબાદ કરતા રહો અને આપની હયાતે તૈયેબાહ, સીરતે તાહેરાહ થી કયામત તક હમેં ફૈઝ ઉઠાવતા રહીએ. વલ્લાહો ખૈરો હાફેઝન. ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

میلاد مبارک    میلاد مبارک

**<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★